સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર ગણેશ વિસર્જન માટે શોભાયાત્રા નીકળી હતી. સાબરકાંઠાના વડા મથક હિંમતનગર અને અરવલ્લીના વડા મથક મોડાસામાં ધામધૂમથી ગણેશ વિસર્જન મહોત્સવ ઉજવાયો હતો. હિંમતનગર, મોડાસા, પ્રાંતિજ, ઈડર સહિત જુદા જુદા મથકો ઉપર ગણેશ વિસર્જનમાં અબીલ ગુલાલના છાંટણે સમગ્ર શહેરો રંગાઈ ગયા હતા. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે વહીવટી અને પોલીસ તંત્રએ ખડે પગે ફરજ બજાવી હતી. આમ ગણેશ વિસર્જન પર્વ વિના વિઘ્નો સંપન્ન થયું હતું. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

અંબાજી ભાદરવી મહામેળો હવે અંતિમ ચરણમાં

જિલ્લા વહીવટી તંત્ર અને અંબાજી ટ્રસ્ટના સરસ આયોજનથી યાત્રિકોને સારી સુવિધા મળે છે : કલેકટર

દિલીપ રાણાની સૂચનાથી ચોમેર સ્વચ્છતા અને નવિન એસ. ટી. બસો યાત્રિકોના આકર્ષણનું કેન્દ્ર બની

પાલનપુર, તા. ૮

અંબાજી ભાદરવી મહામેળો હવે અંતિમ ચરણમાં છે. તા.૩ સપ્ટેમ્બરથી -ારંભ થયેલ આ પવિત્ર મહાપર્વનું આજે તા.૯ સપ્ટેમ્બર પુનમના દિવસે સમાપન થશે. ઉલ્લેખનીય છે કે માત્ર ગુજરાતમાં જ નહિ પરંતુ સમગ્ર પશ્ચિમ ભારતમાં ભરાતા મોટા મેળાઓમાં સ્થાન ધરાવતા આ ભાદરવી પુનમના મહામેળામાં લાખો માઈભક્તો દુરદુરથી ચાલતા આવે છે. આ વરસે પણ લાખો શ્રધ્ધાળુઓ દુરદુરથી અંબાજી આવી રજ્ઞા છે. ખેડબ્રહ્મા અંબાજી રોડ, વિસનગર-ખેરાલુ અંબાજી રોડ અને પાલનપુરથી અંબાજી રોડ ઉપર માઈભક્તોની ભરચક સંખ્યા રહી છે. મેળા -સંગે રાજસ્થાનના ડુંગરપુર, બાંસવાડા તથા નાસીકથી પણ યાત્રિકો આવ્યા હતા.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર મેળામાં કેટલાંક નવિન અને સરસ સુધારાઓ કરવામાં આવ્યા છે. પરિણામે યાત્રિકોને સરળતાથી જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ બની છે. અંબાજીમાં ચોમેર સરસ સ્વચ્છતા અને મેળામાં દોડતી મોટાભાગની એસ.ટી.બસો નવિન જોઈને યાત્રિકોને આનંદ થયો છે.

કલેકટરશ્રીના આ અભિગમની લોકોએ સરાહના કરી છે. અંબાજીમાં ઉમટતા લાખો માઈભક્તોને પરત ઘેર જવા માટે પુરતી સંખ્યામાં બસો હોવાથી અંબાજીમાં અતિશય ભીડ નિવારી શકાઈ છે. આવી સરસ સુવિધાને લીધે યાત્રિકો મુશ્કેલી વગર પોતાને વતન સરળતાથી પાછા ફરી રજ્ઞા છે.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના સૂત્રો તરફથી મળેલ જાણકારી -માણે તા.૭ સપ્ટેમ્બરના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં મંદિરને રૂ. ૨.૧૦ કરોડ ભેટની આવક મળી હતી. ૨૯૮૪ ધજાઓ ચડાવવામાં આવી હતી. ૬,૪૦,૭૪૮ -સાદના પેકેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૧,૮૩,૪૫૯ યાત્રિકોએ વિનામૂલ્યે ભોજન -સાદનો લાભ લીધો હતો તથા ૧૮,૬૮,૯૧૪ યાત્રિકોએ માતાજીના દર્શન કર્યા હતાં.

મંદિરની વિવિધ રોશનીથી ભવ્ય સજાવટ કરવામાં આવી છે. અંબાજી મુકામે મિની મહાકુંભનો ભવ્ય માહોલ સર્જાયો છે. માતાજીના મૂળ -ાગટ્ય સ્થાન મનાતા ગબ્બર મુકામે વિશાળ સંખ્યામાં માઈભક્તો ઉમટી રજ્ઞા છે. આજે તા.૯ સપ્ટેમ્બર પુનમનો દિવસ ભાદરવા મેળાનો છેલ્લો દિવસ છે. આજે નિયમિત પુનમ ભરતા શ્રધ્ધાળુઓ પણ ઉમટશે.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

દુંદાળા દેવ અને વિઘ્નહર્તા ગણપતિજીનુ આજે ધનસુરા ખાતે ધામધુમથી ગણેશભકતો ધ્વારા વિર્સજન કરવામાં આવ્યુ ત્યારે સમગ્ર ધનસુરા ગણપતિબાપા મોરીયા અગલે બરસ તુ જલ્દી આ ના નારાઓથી ગુંજી ઉઠયુ હતુ, ત્યારે ધનસુરા પરબડી ચોક અને ક્ષત્રીય મંડળ ધ્વારા ગણેશજીનુ બેન્ડવાઝા વરઘોડો સાથે વિર્સજન કરવામાં આવ્યુ હતું.

ભિલોડા તાલુકામાં ગણેશ ચતુર્થીનું પર્વ પુર્ણ થતાં આજે અનંત ચૌદશના દિને ઠેર-ઠેર ગણેશ વિસર્જનના કાર્યક્રમ યોજાયા હતા. શીવ ગૌરી પુત્ર દુંદાળા દેવ ગણેશજીને ભાવભેર વિદાય આપવા હજ્જારો ગણેશભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ગણપતી બાપા મોરીયા... અગલે બરસ તુમ જલદી આના...ના ગગનભેદી નારાઓ ઠેર-ઠેર સાંભળવા મળતા હતા. ગણેશ ચતુર્થીના દિને ગણેશજીની સ્થાપના કર્યા બાદ સતત દસ દિવસ સુધી સેવા, પૂજા, અર્ચના કર્યા બાદ વિદાય કરતા ગણેશભક્તો ભાવવિભોર બની ગયા હતા. ભિલોડા તાલુકામાં ગણેશ ચતુર્થીનું પર્વ સમાપ્ત થતાં આજરોજ ગણેશ વિસર્જનના કાર્યક્રમો ભારે દબદબાભેર સંપન્ન થયો હતો. દુંદાળા દેવ ગણેશજીને વિદાય આપવા હજ્જારો ભક્તો શોભાયાત્રામાં જોડાયા હતા. ગણેશ ચતુર્થી પર્વનો રંગેચંગે પ્રારંભ થયો હતો.

મોડાસા શહેરમાં 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદ વચ્ચે વિસર્જન

મોડાસા, તા. ૮

અરવલ્લી શહેરના મોડાસા શહેરમાં વર્ષ ને વર્ષે ગણપતિ દાદાના

(તસવીર : જય અમીન, મોડાસા)

સ્થાપન અને વિસર્જન મહોત્સવનું મહત્વ વધતુ ને વધતુ જાય છે. ગણપતિદાદામાં આસ્થા ધરાવતા ભક્તો દ્વારા અને વિવિધ યુવક મંડળો દ્વારા ગણેશોત્સવ ઉજવવામાં આવે છે. આજે ગણેશ મહોત્સવના સમાપનના ભાગરૂપે ગણેશજીની મૂર્તિનું પવિત્ર નદીઓમાં વિસર્જન કરવામાં આવેછે. ગણપતિદાદાની દસ દિવસ સુધી આરાધના કરી છેલ્લા દિવસે ગણપતિદાદાનું વિસર્જન કરવામાં આવે છે. મોડાસાના રામપાર્ક યુવક મડંળ દ્વારા 'રામપાર્કડા રાજા' સાંઈ યુવક મંડળ દ્વારા ઓધારીના ગણપતિદાદા તથા મોડાસા શહેરમાં ખુબ જ જાણીતા એવા મનોકામના સિદ્ધિ વિનાયક મંદિરના ગણપતિદાદા તેમજ બુટાલવાડા, સોનીવાડા, ભોદાવાડા, ગુજરાત હાઉસીંગ બોર્ડ યુવકો દ્વારા આજે ડી.જે. તેમજ બેન્ડવાજાના તાલે ઓધારી મંદિરની બાજુમાં આવેલ ઓધારી તળાવમાં ગણપતિદાદાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. વિસર્જન કરતા પહેલા આ બધા યુવક મંડળો દ્વારા આખા મોડાસા શહેરમાં ગણપતિદાદાની યાત્રા ફેરવવામાં આવી હતી. મોડાસા શહેરની જનતા અને રસ્તામાં આવેલી વિવિધ રહેણાંક વિસ્તારના રહીશોએ એક જ સાથે આટલી બધી માત્રામાં વિસર્જન માટે નિકળેલા યુવકોના મંડળના ગણપતિદાદાના દર્શનનો લ્હાવો લીધો હતો અને ખુબ જ ધન્યતા અનુભવતા હતા. વરસાદ સતત વરસતો હોવા છતાં બધા જ યુવક મંડળના સાધકોનો ઉત્સાહ બરકરાર હતો. વરસાદમાં પલળવાની મજા સાથે ગુલાલની છોળો વચ્ચે જાણે કુદરત હોળી રમાડતુ હોય તેવો માહોલ પેદા થયો હતો.

પ્રાંતિજ ખાતે જાખડ ઋષિની સમાજ દર્શન પગપાળા યાત્રાનું સ્વાગત કરાયું

વિસનગર તાલુકાના અર્બુદા ગામેથી નિકળેલ આ યાત્રા ૧૪ મહિના દરમિયાન ૧૬ જિલ્લાના ૧૬૦ તાલુકામાં ૧૨૫૩ ગામે ફરીને કુલ ૯૯-૯ કિલોમીટર પગયા કરશે

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે ગુજરાત જાખડઋષિ સમાજ દર્શન પગપાળા યાત્રા આવી પહોંચી હતી. આ યાત્રા વિસનગર તાલુકાના અર્બુદા ગામેથી તા. ૨૯મી જુલાઈએ નીકળી છે જે ૧૪ માસ સુધી ચાલશે. આ યાત્રા તેના ૯૯૦૯ કિ.મી.ના રૂટમાં

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

૧૬ જિલ્લાના ૧૬૦ તાલુકાના ૧૨૫૩ ગામને આવરી લેનાર છે.

પ્રાંતિજ ખાતે રહેતા આંજણા સમાજના વિશાલકુમાર શામળભાઈ ચૌધરીના ઘરે અર્બુદા ધામથી નિકળેલ જાખડ ઋષિ સમાજદર્શન પગપાળા યાત્રાએ નિકળએલા પ્રતાપભાઈ ચૌધરી સહિત યાત્રા આવી પહોંચતા તેમનું ફૂલહાર દ્વારા સ્વાગત કરાયું હતું. પગપાળા યાત્રાએ નિકળેલા જાખડઋષિએ સમાજદર્શનના હેતુથી આ ૯૯૦૯ કિ.મી. યાત્રાનુંઆયોજન કર્યું છે. આ યાત્રા દરમિયાન જાખડ ઋષિ ગામે ગામ આવેલા આંજણા સમાજના લોકોને મળી રહ્યા છે. પ્રાંતિજ અને મેમદપુરના આંજણા સમાજના લોકોનો આવકાર પામી જાખડઋષિએ આભાર માન્યો હતો.

મોડાસા માર્કેટયાર્ડની હાલની જગ્યા બદલી બીજી જગ્યાએ લઈ જવા માટે કિસાનસંઘ દ્વારા કલેકટરને આવેદનપત્ર અપાયું

મોડાસા તા.૮

મોડાસા શહેરની જયારથી અરવલ્લી જીલ્લાના વડુ મથક તરીકે જાહેરાત કરાઈ છે ત્યારથી મોડાસા શહેર માં રાજય સરકાર ધ્વારા વિકાસને વેગ આપવા માટે પ્રયત્નો હાથ ધરાયા છે. ત્યારે છેલ્લા કેટલાક દીવસથી મોડાસા માર્કેટયાર્ડને લઈને વીવાદના વંટોળ ઉભો થવા પામ્યો છે.

મોડાસા માર્કેટયાર્ડના હાલના સત્તાધિશો ધ્વારા વિકાસનુ કારણ રજુ કરી મોડાસા માર્કેટયાર્ડની જગ્યા બદલવાની તજવીજ હાથ ધરી છે ત્યારે માર્કેટયાડમાં દુકાન ધરાવતા વહેપારીઓ આ નિર્ણયની બિલકુલ વિરોધમાં હોઈ સતાધિશો અને વહેપારીઓ આમને સામને આવી ગયા છે જેના અનુસંધાને વહેપારીઓ દ્વારા માર્કેટયાર્ડની જગ્યા ના બદલવા આવેદનપત્ર આપ્યુ હતુ ત્યારે આજે તેનાથી ઉલટે કિસાન સંઘ માર્કેટયાડના સત્તાધિશોની તરફેણમાં આવ્યુ હોય તેમ કિસાન સંઘ ધ્વારા અરવલ્લી જીલ્લા કલેકટરને આ હાલની જગ્યા બદલી આ જગ્યા બીજી બાજુ લઈ જવા માટે કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. જયારે આ જગ્યા બદલી અને નવી જગયાએ માર્કેટયાર્ડ લઈ જવા માટે આવેદનપત્ર માં કિસાન સંઘ ધ્વારા કેઠઈક કારણો રજુ કરવામાં આવ્યા હતા.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

વરસતા વરસાદની વચ્ચે આજ રોજ અનંત ચૌદશ ના દિવસે મોડાસા ખાતે દેવોના દેવ વિઘ્નહર્તા ગણેશજીનુ વિર્સજન કરવામાં આવ્યુ હતુ. મોડાસા ખાતે આવેલ ઓધારી તળાવમાં આજરોજ મોડાસા તમામ ગણેશજીની મુર્તીઓનુ વિર્સજન કરવામાં આવયુ હતુ આ સમયે નગરપાલિકા ધ્વાાર આ તળાવમાં ગઈકાલે ગાંધીનગરના તળાવમાં ચાર યુવાનો ડુબ્યના અહેવાલને લઈને એમ્બયુલન્સ તરવૈયાઓની ટીમ ફાયર બ્રિગેડ ની ટીમ કોઈ અનીરછનીય ઘટના ના બને તે માટે તૈયાર રાખવામાં આવી હતી જયારે મોડાસાની રામપાર્ક સોસાયટીના રામપાર્કા રાજા અમરદીપ સોસાયટી ગાંધીવાડા ઓધારીનગર ઠેકડેકાણે થી સાર્વજનીક ગણેશ મંડળ ધ્વારા ધામધુમથી ગણપતિજીનુ વિર્સજન કરવામાં આવ્યુ હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦